Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

|| શ્રી ગણેશાય નમઃ ||

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૩૨ ● સળંગ અંક : ૧૦૨૧ ● પ્રકાશિત તા-૧૧-૭-૨૦૨૪,ગુરુવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

# તલાક બાદ મુસ્લિમ મહિલાઓ પણ ભરણપોષણની હકદાર

## સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય

નવી દિલ્હી : છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલા ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૨૫ હેઠળ તેના પતિ પાસેથી ભરણપોષણની માંગ કરી શકે છે, સુપ્રીમ કોર્ટે આજે ચુકાદો આપ્યો છે. જસ્ટિસ બીવી નાગરથના અને જસ્ટિસ ઑગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે સીઆરપીસી હેઠળ છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ ચૂકવવાના નિર્દેશને પડકારતી મુસ્લિમ વ્યક્તિની અરજીને ફગાવી દેતાં મોટો ચુકાદો આવ્યો. ન્યાયાધીશ નાગરથનાએ કહ્યું, અમે આથી મુખ્ય નિષ્કર્ષ સાથે ફોજદારી અપીલને ફગાવીએ છીએ કે કલમ ૧૨૫ તમામ મહિલાઓને લાગુ પડશે અને માત્ર પરિણીત મહિલાઓને જ નહીં, જસ્ટિસ નાગરથનાએ કહ્યું. જસ્ટિસ નાગરથના અને જસ્ટિસ મસીહે અલગ-અલગ, પરંતુ એકસાથે ચુકાદો આપ્યો. બેન્ચે સ્પષ્ટ કર્યું કે ભરણપોષણ મેળવવાનો કાયદો તમામ પરિણીત મહિલાઓને લાગુ પડે છે, પછી ભલે તે કોઈપણ ધર્મની હોય. કોર્ટે કહ્યું કે ભરણપોષણ એ ચેરિટી નથી, પરંતુ પરિણીત મહિલાઓનો અધિકાર છે. જસ્ટિસ નાગરથનાએ કડક ટિપ્પણીમાં કહ્યું, કેટલાક પતિઓ એ હકીકત વિશે સભાન નથી કે પત્ની, જે ગૃહિણી છે, તે ભાવનાત્મક રીતે અને અન્ય રીતે તેમના પર નિર્ભર છે. સમય આવી ગયો છે જ્યારે ભારતીય પુરુષે ગૃહિણીની ભૂમિકાને ઓળખવી જોઈએ અને બલિદાન. મોહમ્મદ અબ્દુલ સમદની અરજી પર સીમાચિહ્નરૂપ ચુકાદો આવ્યો છે, જેને ફેમિલી કોર્ટ દ્વારા તેની છૂટાછેડા લીધેલી પત્નીને માસિક ભથ્થું ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. શ્રી સમદે આ નિર્દેશને પડકાર્યો હતો, પરંતુ તેલંગાણા હાઈકોર્ટે હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કર્યો હતો. ત્યારપછી તેમણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. તેમના વકીલે દલીલ કરી હતી કે છૂટાછેડા લીધેલ મુસ્લિમ મહિલાઓ મુસ્લિમ મહિલા (છૂટાછેડા પરના અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬નો આશરો લઈ શકે છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તે કલમ ૧૨૫ સીઆરપીસી કરતા ઘણું વધારે પ્રદાન કરે છે. તેમણે એવી પણ દલીલ કરી હતી કે એક વિશેષ કાયદો - અધિનિયમનો સંદર્ભ લેતો - સામાન્ય કાયદા પર પ્રબળ રહેશે. આ ચુકાદાના મહત્વને સમજવા માટે, ૧૯૮૫માં શાહ બાનો કેસ પર પાછા જવાની જરૂર છે. આ સીમાચિહ્નરૂપ ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે સીઆરપીસીની કલમ ૧૨૫ દરેકને લાગુ પડે છે, પછી ભલે તેનો ધર્મ કોઈ પણ હોય. જો કે, મુસ્લિમ મહિલા (છૂટાછેડા પરના અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૧૯૮૬ દ્વારા આને પાતળું કરવામાં આવ્યું હતું, જેમાં કહેવામાં આવ્યું હતું કે મુસ્લિમ મહિલા છૂટાછેડાના ૯૦ દિવસ પછી - ઈદ્દત દરમિયાન જ ભરણપોષણ માંગી શકે છે. ૨૦૦૧માં, સર્વોચ્ચ અદાલતે ૧૯૮૬ના કાયદાની બંધારણીય માન્યતાને સમર્થન આપ્યું હતું, પરંતુ ચુકાદો આપ્યો હતો કે તેની છૂટાછેડા લીધેલી પત્નીને ભરણપોષણ પૂરું પાડવાની પુરુષની જવાબદારી જ્યાં સુધી તે ફરીથી લગ્ન ન કરે અથવા પોતાનું ભરણપોષણ કરવા સક્ષમ ન બને ત્યાં સુધી લંબાય છે. આજનો આદેશ છૂટાછેડા લીધેલી મહિલાના સીઆરપીસી હેઠળ ભરણપોષણ મેળવવાના આદેશને વધુ એકીકૃત કરે છે, પછી ભલે તે તેના ધર્મના હોય.

જોઈએ છે
નવા વાડજ વિસ્તારમાં આવેલ પ્રખ્યાત પ્રાથમિક શાળામાં
શિક્ષક જોઈએ છે, નજીકના વિસ્તારના
ઇચ્છુક મહિલા ઉમેદવારે નીચે આપેલ નંબરનો સંપર્ક કરવો.
(કોમ્પ્યુટરના જાણકાર હોય, PTC,
બી.એડ.થયેલા અથવા કોલેજ કરેલ મહિલા)
(બપોરે ૨ થી ૪ માં જ ફોન કરવો)
M : 9924245001

JIGISHA Speciality Hospital
SINCE 1997 | COMMITED TO CARE
જીગીશા
સ્પેશ્યાલિટી હોસ્પિટલ
25+ YEARS EXPERIENCE




સ્વસ્થ સ્ત્રી એટલે સ્વસ્થ પરિવાર




20,000+ દર્દીઓનો વિશ્વાસ
10,000+ સફળ ઓપરેશન
8000+ બાળકોની ડિલિવરી
30+ સક્ષમ કર્મચારી

૩૦૧, શિવાલીક સ્કેવર, સીએનજી પંપ પાસે,
૧૩૨ફુટ રીંગ રોડ, નવા વાડજ, અમદાવાદ-૧૩.
એપોઈન્મેન્ટ માટે સંપર્ક કરો : 94086 54800,97230 54800

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale I Retail I Export I Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેક્શન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### તાત્કાલિક અસરથી ફરજમુક્ત કરાયા

# નવા વાડજના અર્બન હેલ્થ સેન્ટરના ડોક્ટરની મહિલા દર્દી સાથે દાદાગીરી...!!



**સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોમાં ડૉ. રાહુલ મોદી તેઓને ઓપરેશન હતું,જેથી એક કલાક મોડા આવ્યા હોવાનું અને ન્યુ રાણીપ ખાતેની પોતાની શિવમ હોસ્પિટલમાં બતાવવા આવવા માટે પણ વાઈરલ વીડિયોમાં કહેતા હોવાનું જણાય છે**

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત અર્બન હેલ્થ સેન્ટરમાં વિઝિટર ડોક્ટર તરીકે ફરજ બજાવતા ગાયનેકોલોજીસ્ટ દ્વારા અર્બન હેલ્થ સેન્ટરમાં દવા લેવા આવતા દર્દીની સાથે અયોગ્ય વર્તન અને તેમની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે આવવા અંગે જણાવવામાં આવ્યું હોવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. જેને લઈને વિઝિટર તરીકે ફરજ બજાવતા ગાયનેકોલોજિસ્ટ ડો.રાહુલ મોદીને તાત્કાલિક અસરથી વિઝિટીંગ ડોક્ટર તરીકે હટાવી દેવામાં આવ્યા છે.

મીડિયા રિપોર્ટ મુજબ નવા વાડજ અર્બન હેલ્થ સેન્ટરનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો, જેમાં ગાયનેકોલોજિસ્ટ તરીકે ફરજ બજાવતા ડૉ. રાહુલ મોદી અર્બન હેલ્થ સેન્ટરમાં દવા લેવા આવતા દર્દીની સાથે અયોગ્ય વર્તન અને તેમની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે આવવા અંગે જણાવવામાં આવતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો.અઠવાડિયામાં એક દિવસ માત્ર એક કલાક માટે આવે છે અને ન્યુ રાણીપ ખાતે આવેલી તેમની શિવમ હોસ્પિટલમાં સોનોગ્રાફી માટે રિફર કરતા હોવાનું ધ્યાન આવ્યું છે.

સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોમાં ડૉ. રાહુલ મોદી તેઓને ઓપરેશન હતું,જેથી એક કલાક મોડા આવ્યા હોવાનું અને ન્યુ રાણીપ ખાતેની પોતાની શિવમ હોસ્પિટલમાં બતાવવા આવવા માટે પણ કહેતા હોવાનું જણાય છે. અર્બન હેલ્થ સેન્ટરમાં જે ડોક્ટરનો ટાઈમ લખ્યો છે તે ડોક્ટરનો ટાઈમ બદલવા માટે પણ કહે છે અને ડોક્ટર બદલવાની ઓથોરિટી હોય તો બદલી નાખો, મને કોઈ ફરક નથી પડતો તેમ કહેતા વીડિયોમાં નજરે પડ્યા હતા.

આ વીડિયોને ધ્યાનમાં રાખી તાત્કાલિક ધોરણે કોર્પોરેશનમાં તેઓને વિઝિટર ડોક્ટર તરીકે તેઓને ફરજમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. ડૉ.રાહુલ મોદી શહેરના નવા વાડજ, ન્યુ રાણીપ અને વાડજ એમ ત્રણ અર્બન હેલ્થ સેન્ટરમાં ડોક્ટર તરીકે ફરજ બજાવતા હતા અને ત્રણેય જગ્યાએથી તેઓની આ વિઝિટર ડોક્ટર તરીકેની સેવામાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા છે.

તમને જણાવી દઈએ કે અમદાવાદ મ્યુ કોર્પોરેશનના અર્બન હેલ્થ સેન્ટરમાં વિઝિટર ડોક્ટર તરીકે ગાયનેકોલોજીસ્ટ સહિતના કેટલાક ડોક્ટરો ફરજ બજાવતા હોય છે. જેમને રાજ્ય સરકારના નક્કી કરેલા વેતન પ્રમાણે પૈસા ચૂકવવામાં આવે છે. અઠવાડિયામાં એક વખત તેઓ સવારે ૯:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી ફરજ બજાવે છે.

### લૂંટારૂઓએ ૬૫ લાખની લૂંટ ચલાવી

# અમદાવાદમાં આંગડિયા પેઢીનો કર્મચારીઓ ફિલ્મી સ્ટાઈલમાં લૂંટાયા



**રીક્ષા ચાલક અને આંગડીયા કર્મીની આંખમાં મરચાની ભૂકી નાખતા ચાલકે રીક્ષા રોકી બંને શખ્સોએ પેઢીના કર્મી પાસેથી બે બેગ ઝુંટવવાનો પ્રયાસ કર્યો ત્યારે પેઢીના કર્મચારીઓએ લૂટારૂનો પ્રતિકાર કરતા લૂંટારૂ શખ્સોએ બંદૂક જેવુ હથિયાર બતાવીને ફાયરિંગ કરી ૬૫ લાખ ભરેલા બે થેલામાંથી ૪૦ લાખથી વધુની રકમ ભરેલો એક થેલો લૂંટીને ભાગી ગયા હતા**

અમદાવાદ : અમદાવાદમાં લૂંટનો બનાવ બનતા ચકચાર મચી ગઈ છે. જયાં એલિસબ્રિજ પાસે આંગડીયા પેઢીના કર્મચારીની આંખમાં મરચાની ભૂકી નાખી ૬૫ લાખની લૂંટ ચલાવવામાં આવી છે. બે શખ્સોએ આંગડિયા પેઢીના બે કર્મચારીઓ પર એરગનથી ફાયરિંગ અને પિસ્તોલનો ગોદો મારી લૂંટ ચલાવી હતી. બીજી તરફ આ બનાવની જાણ થતા પોલીસની ટીમ પણ ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ શહેરના શહેરના એલિસબ્રિજ જીમખાના પાસે બુધવારે સાંજે લૂંટનો બનાવ બનવા પામ્યો હતો. સીજી રોડ પર આવેલી આર કાંતિલાલ આંગડિયા પેઢીના બે કર્મચારી જમાલપુર કલેક્શન માટે ગયા હતા. બંને રીક્ષામાં બેસીને જમાલપુરથી સીજી રોડ ઓફિસે જઈ રહ્યા હતા. રીક્ષા એલિસબ્રિજ જીમખાના પાસે પહોંચી ત્યારે બે શખ્સો એક વાહન પર આવ્યા હતા. આ શખ્સોએ રીક્ષા ચાલક અને આંગડીયા કર્મીની આંખમાં મરચાની ભૂકી નાખતા ચાલકે રીક્ષા રોકી હતી. બાદમાં બંને શખ્સોએ પેઢીના કર્મી પાસેથી બે બેગ ઝુંટવવાનો પ્રયાસ કર્યો હતો.

પેઢીના કર્મચારીઓએ લૂટારૂનો પ્રતિકાર કરતા લૂંટારૂ શખ્સોએ બંદૂક જેવુ હથિયાર બતાવીને ફાયરિંગ કરતા એક કર્મચારીને ઈજાઓ થઈ હતી. જેથી બંને શખ્સો ૬૫ લાખ ભરેલા બે થેલામાંથી ૪૦ લાખથી વધુની રકમ ભરેલો એક થેલો લૂંટીને ભાગી ગયા હતા. આ મામલે પોલીસને જાણ કરતા નવરંગપુરા, એલિસબ્રીજ અને ક્રાઈમ બ્રાંચનો કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો. જયાં બંને કર્મીને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ સાથે ઘટના અંગે પૂછપરછ કરી એલિસબ્રીજ પોલીસે ગુનો નોંધી સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી છે.

દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## ન્યુ રાણીપ સહિતના આ વિસ્તારોમાં મળી રહ્યાં છે સસ્તામાં અફોર્ડેબલ ઘર

# અમદાવાદનું પ્રોપર્ટી માર્કેટ ઉંચકાયું, કયો વિસ્તાર, સૌથી મોંઘો અને સસ્તો, જાણો

અમદાવાદ : એક લેટેસ્ટ અહેવાલ અનુસાર, અમદાવાદ દેશના ૮ મહાનગરોની સરખામણીમાં સૌથી સસ્તુ શહેર છે. ગુજરાતના આ મેગા સિટીમાં પ્રતિ ચોરસ ફૂટનો સરેરાશ ભાવ રૂ.3031 છે. જોકે, હવે અમદાવાદનું પ્રોપર્ટી માર્કેટ જોર પકડી રહ્યું છે. નાઈટ ફ્રેંકના છેલ્લા અહેવાલ મુજબ ૨૦૨૪ના જૂન સુધીના ૬ મહિનામાં શહેરમાં નવા ૯,૩૭૭ મકાન વેચાયા હતા. જેમાં ૧ કરોડથી વધુની કિંમતના ઘરના વેચાણમાં ૯ ટકાનો વધારો નોંધાયો છે.

ભલે અમદાવાદ દેશનું સૌથી સસ્તુ મહાનગર હોય, પરંતુ અમદાવાદનું પ્રોપર્ટી માર્કેટ હવે ઉંચકાયું છે. અમદાવાદમાં રહેણાંકના વેચાણમાં છેલ્લા કેટલાક વર્ષોથી સતત વધારો થઈ રહ્યો છે. જેમાં ૨૦૨૪ના પ્રથમ છ મહિનાનો રિપોર્ટ જણાવે છે કે, ૯,૩૭૭ એકમોના વેચાણ સાથે ૧૭% પ્રોપ્રટી વેચાણમાં વાર્ષિક વૃદ્ધિ જોવા મળી છે. રિયલ એસ્ટેટ કન્સલ્ટિંગ ફર્મ નાઈટ ફ્રેંક ઈન્ડિયાના ગુરુવારે જાહેર કરાયેલા રિપોર્ટ અનુસાર આ ૧૦ વર્ષની ઊંચી સપાટી છે. અમદાવાદ શહેરે રેસિડેન્શિયલ માર્કેટમાં વેગમાં વધારો જોયો હતો અને વેચાણમાં ૧૭% વાર્ષિક વૃદ્ધિ કરી છે.

ખાસ કરીને અમદાવાદમાં લાઈફસ્ટાઈલ અનુસાર પ્રોપર્ટીમાં વધારો થયો છે. લોકોની જરૂરિયાત અનુસાર સુવિધાઓ અને ઓફર આવવામાં આવી રહી છે. અમદાવાદમાં રહેણાંક એકમોની સરેરાશ કિંમત વાર્ષિક ધોરણે ૧% વધીને રૂ. ૩,૦૩૫ પ્રતિ ચોરસ ફૂટ થઈ છે, તેવું નાઈટ ફ્રેંક ઈન્ડિયાના અહેવાલમાં જણાવાયું છે.

રિપોર્ટ કહે છે કે, મહામારી બાદ અમદાવાદનું પ્રોપ્રટી બજાર ફરીથી ધમધમતુ થયું છે. મહામારી બાદ આવેલી મંદી પછી સ્થિર વૃદ્ધિ જોવા મળી છે. જે ઘર ખરીદનારાઓમાં આત્મવિશ્વાસમાં વધારો કરે છે, જેણે વેચાણની માત્રામાં વધારો કર્યો છે. અમદાવાદ ટોચના આઠ મહાનગરોમાં સૌથી નીચા પ્રતિ સ્ક્વેર ફીટ રહેણાંક ભાવ સાથે ઐતિહાસિક રીતે સૌથી વધુ વેચાણ એફોર્ડેબલ કેટેગરીમાં (રૂ. ૫૦ લાખથી નીચે) જોવા મળ્યું હતું. આ ટિકિટ-સાઈઝ કેટેગરીનો હિસ્સો ૠ૧ ૨૦૨૪માં ઘટીને ૩૯% થઈ ગયો હતો, જે રૂ. ૫૦ લાખથી રૂ. ૧ કરોડની કિંમતના એકમોના મિડ-સાઈઝ સેગમેન્ટ કરતાં નીચે હતો, જે વેચાણમાં ૪૧% હિસ્સો ધરાવે છે. રૂ. ૧ કરોડથી વધુની કિંમતના એકમોના વેચાણનો હિસ્સો એક વર્ષ અગાઉ ૧૧ ટકાની સરખામણીએ વર્તમાન ગાળામાં વધીને ૨૦ ટકા થયો છે, અહેવાલમાં જણાવાયું છે.

રિપોર્ટ મુજબ નાઈટ ફ્રેંકના ઈન્ડસ્ટ્રીયલ એન્ડ લોજિસ્ટિકના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર બલબીલસિંહ ખાલસાએ જણાવ્યું કે, ગુજરાતમાં ઈન્ડસ્ટ્રીયલ ગ્રોથ અને ફાઈનાન્સિયલ માર્કેટ વધી રહ્યો છે. જેથી લોકોની આવક વધી ગઈ છે. જેથી લોકો પ્રીમિયમ સેગમેન્ટમાં ઘર ખરીદવાનું પસંદ કરી રહ્યા છે. પરિવારના સભ્યોની સંખ્યા વધતા મોટા ઘરોની જરૂરિયાત ઊભી થઈ રહી છે. હવે ૧ બીએચકેની નવી સ્કીમો લોન્ચ થવાની લગભગ બંધ થઈ ગઈ છે.

મોટાભાગના લોકો પશ્ચિમ અમદાવાદમાં રહેણાંક મકાનો ખરીદવાનું વધુ પસંદ કરે છે. એસજી હાઈવે, એસપી રિંગ રોડ પર સતત નવા પ્રોજેક્ટ લોન્ચ થઈ રહ્યા છે. છેલ્લા છ માસમાં ગોતા, ન્યૂ રાણીપ, ત્રાગડ, ચાંદખેડા, મોટેરામાં સૌથી વધુ ૩૦ ટકા મકાનો વેચાયા છે. એસજી હાઈવે, પ્રહલાદનગર, બોપલ, થલતેજ, સાયન્સ સિટી વિસ્તારમાં ૨૯ ટકા મકાનો વેચાયા છે.

**અમદાવાદમાં કયો વિસ્તાર સૌથી મોંઘો, અને કયો સૌથી સસ્તો (ભાવ પ્રતિ ચોરસ ફૂટ)**

આંબાવાડી - ૫૯૫૦-૬૪૯૦
નવરંગપુરા - ૫૧૫૦-૬૧૦૦
નિકોલ - ૨૫૦૦-૩૨૦૦
વસ્ત્રાલ - ૨૨૦૦-૨૮૦૦
ચાંદખેડા ૨૬૦૦-૩૪૩૦
મોટેરા ૩૫૦૦-૪૨૦૦
અસલાલી - ૧૫૦૦-૧૮૦૦
બોપલ - ૩૩૦૦-૪૧૦૦
પ્રહલાદ નગર ૫૫૦૦-૫૭૦૦

# હવે ખાદ્યપદાર્થોમાંથી જીવજંતુ નીકળશે તો, હોટેલ રેસ્ટોરાં માત્ર દંડ ભરી છૂટી નહીં શકે

અમદાવાદ : ખાદ્યપદાર્થોમાંથી વંદા, ગરોળી, જીવજંતુ નીકળવાની ઘટનાઓ ઉપરા છાપરી બનતા અમદાવાદ મ્યુનિ. સહિતના ફૂડ એન્ડ સેફ્ટી વિભાગોએ પેટા કાયદામાં સુધારાની સરકારને ભલામણ કરી છે. હાલ આ ભલામણો તૈયાર થઈ રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ, એક વખત પેટા કાયદામાં સુધારો થશે પછી ખાદ્યપદાર્થમાંથી જીવજંતુ નીકળે તો હોટેલ-રેસ્ટોરાં ૫ હજાર દંડ ભરી છૂટી નહીં શકે.

મીડિયા રિપોર્ટ મુજબ, એક વખત પેટા કાયદામાં સુધારો કરવામાં આવ્યા બાદ હોટલ અને રેસ્ટોરન્ટ ખાદ્યપદાર્થોથી દૂષિત થવાના કિસ્સામાં ૫ હજારનો દંડ ભરવાથી બચી શકશે નહીં. છેલ્લા ૬ મહિનામાં ખોરાકમાં દૂષિત થવાની ૨૧ ઘટનાઓ બની છે. હવે એવું બને છે કે, આવી બેદરકારી બદલ પકડાઈ જવા છતાં હોટલ કે રેસ્ટોરન્ટનો માલિક માંડ ૫ હજારનો દંડ ભરીને બચી જાય છે.

## પેટા-નિયમોમાં સુધારો થયા પછી, ગુનેગાર એકમોને ભારે દંડ અથવા લાંબા સમય માટે સીલ કરવામાં આવી શકે છે

GPMC એક્ટ હેઠળ મહત્તમ ૫ હજાર દંડની જોગવાઈ છે. એકમ સીલ કરવામાં આવે તો પણ માલિક પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ રજૂ કરીને છટકી જાય છે, કાયદાનો ડર રહેતો નથી. પેટા-નિયમોમાં સુધારો થયા પછી, ગુનેગાર એકમોને ભારે દંડ અથવા લાંબા સમય માટે સીલ કરવામાં આવી શકે છે. જો કે, પેનલ્ટીમાં કેટલો વધારો કરવો અથવા યુનિટને સીલ કરવા માટે કેટલી સમયમર્યાદામાં વધારો કરવો તે અંગેનો અંતિમ નિર્ણય સરકારની મંજૂરી બાદ લેવામાં આવશે.

ખાદ્ય ચીજવસ્તુઓનો નાશ કરવાની સત્તા GPMC એક્ટ મુજબ આપવામાં આવી શકે છે જ્યાં મહત્તમ દંડ રૂ. ૫ હજાર છે, સુધારા પછી દંડની રકમ અનેકગણી વધી શકે છે. ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ એક્ટ હેઠળ કોઈ સીલિંગ પાવર ન હોવાનું કહેવાય છે, જો કે હોટેલ-રેસ્ટોરન્ટ સીલિંગ પાવર્સ આ બાયલોમાં મળી શકે છે.અખાદ્ય પદાર્થોનો નાશ કરવા માટે વધુ અસરકારક શક્તિ મેળવી શકાય છે. કાયદા અનુસાર ગ્રાહક પોલીસ ફરિયાદ પણ નોંધાવી શકે છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ, ૨૦૦૬ની કલમ ૩ અનુસાર, ખાદ્યપદાર્થોની ગુણવત્તા, તેના પેકેજિંગ અને તેનો સુરક્ષિત ઉપયોગ અને વપરાશ ચકાસવા માટે અધિકારીની નિમણૂક કરવામાં આવે છે. જો ખોરાકમાં જંતુઓ હોય, દુર્ગંધ આવતી હોય અથવા સડેલી હોય, પરંતુ સાવચેતી ન રાખવામાં આવે તો કલમ ૪૮ હેઠળ આરોપીને ૩ મહિનાથી ૩ વર્ષ સુધીની કેદ અને ૫ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

# દીકરીને ડોક્ટર બનાવવાનું સપનું થશે સાકાર ? સરકાર આપશે ૬ લાખની સહાય

ગાંધીનગર : દરેક મા-બાપનું સપનું હોય છેકે, તેમનો દિકરો કે દીકરી ડોક્ટર બને. જોકે, આર્થિક સંકળામણને કારણે તેમજ ઉંચી ફી અને મોંઘા ખર્ચને કારણે ગરીબ અને મધ્યમવર્ગના દીકરા કે દીકરી આ કક્ષા સુધી પહોંચી જ શકતો નથી. ત્યારે ગુજરાત સરકાર દ્વારા દીકરીઓ માટે એક ખાસ યોજના આશીર્વાદરૂપ બનશે અને આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાના લીધે તેનો આગળનો અભ્યાસ અટકશે નહીં. તો ચાલો વિસ્તારથી જાણીએ આ યોજના વિશે...

પ્રાપ્ત રિપોર્ટ મુજબ ગુજરાત સરકાર દીકરીઓને સાક્ષરતા ગુણમાં વધારો કરવા માટે અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં લાવી છે. જેમાં ૬ લાખ રૂપિયા સુધીની શિષ્યવૃતિ મળવાપાત્ર છે. આ શિષ્યવૃતિ દર વર્ષે મળવાપાત્ર છે ફક્ત એના માટે આટલી લાયકાત ખૂબ જ જરૂરી છે.મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજનામાં દીકરીઓ માટે સરકાર ૪ લાખની આર્થિક સહાય પુરી પડે છે અને આ ઉપરાંત સરકાર મુખ્યમંત્રી યુવા સ્વવલંબન મારફતે બીજા ૨ લાખની સહાય આપે છે, આ રીતે રાજ્ય સરકાર દીકરીઓને મેડિકલમાં ઉચ્ચ અભ્યાસ માટે કુલ ૬ લાખ સુધીની આર્થિક સહાય આપે છે. તમને જણાવી દઈએ કે ગુજરાત મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી હેઠળની ગુજરાતની ૧૩ મેડિકલ કોલેજોની ફીમાં ૮૦ ટકાનો વધારો થયો છે. આ ફી વધારાને કારણે હવે કેટલાય વાલીઓ ચિંતામાં મુકાયા છે, પરંતુ ગુજરાત સરકાર દ્વારા દીકરીઓ માટે એક ખાસ યોજના આશીર્વાદરૂપ બનશે અને આર્થિક પરિસ્થિતિ સારી ના હોવાના લીધે તેનો આગળનો અભ્યાસ અટકશે નહીં.

**મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અમલમાં લાવી છે. જેમાં ૬ લાખ રૂપિયા સુધીની શિષ્યવૃતિ મળવાપાત્ર છે**

Digital India
Power To Empower
ડ્રાઈવીંગ લાયસન્સ
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
CSC
e-Governance Services India Limited
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ

### માઈભક્તો માટે ખુશખબર!

# આ વર્ષે અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાની તારીખ જાહેર



અંબાજી : અંબાજી મંદિર એ કરોડો ભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. વિશ્વપ્રસિદ્ધ મા અંબેના ધામ અંબાજી ખાતે દર વર્ષે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાય છે. જેમાં વિદેશોથી પણ ભક્તો આવે છે. ત્યારે ફરી એકવાર ભાદરવી પૂનમના મેળાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ગઈકાલે યોજાયેલી એક મીટિંગમા જાહેરાત કરાઈ કે, ૧૨ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમનો મેળો યોજાશે.

કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર એવા શક્તિપીઠ અંબાજી ધામમાં દર વર્ષે ભાદરવી પુનમનો મહામેળો ભરાતો હોય છે. જે ભારતભરમાં પદયાત્રીઓનો સૌથી મોટો મેળો અંબાજી ખાતે ભરાતો હોય તેવું માનવામાં આવે છે. ફરી આ વર્ષે પણ ભાદરવી પૂનમના મેળાની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. અંબાજી ખાતે આગામી ભાદરવી પુનમનો મહામેળો તારીખ ૧૨ સપ્ટેમ્બર થી ૧૮ સપ્ટેમ્બર સુધી સાત દિવસનો મેળો ભરાશે. જેમાં ૩૦ લાખ ઉપરાંત પદયાત્રીઓ અંબાજી આવવાની શક્યતા છે.

મેળા વિશે માહિતી આપતા મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીએ જણાવ્યું કે, અંબાજીમાં આવતા યાત્રિકોને પૂરતા પ્રમાણમાં સુખ સુવિધા મળી રહે સાથે કાનૂની વ્યવસ્થા પણ પૂરતા પ્રમાણમાં જળવાયેલી રહે તેને લઈ યાત્રાધામ અંબાજી ખાતે સમગ્ર મેળાના લાઈઝન અધિકારીઓની એક બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં અંબાજી આવતા યાત્રિકોને વધુમાં વધુ સુવિધા જેવી કે લાઈટ પાણી આરોગ્ય રહેવા જમવા સાથે ની અનેક વ્યવસ્થાઓની સુચારુ વ્યવસ્થા થાય તે માટે આ બેઠક યોજવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, શક્તિ ભક્તિ અને અને અસ્થાના કેન્દ્ર સમા વિશ્વ પ્રસિદ્ધ માં અંબાના ધામ અંબાજી ખાતે ભાદરવીનો મહામેળો યોજાય છે. ભાદરવી પૂનમના મેળા દમરિયાન લાખો ભક્તો પગપાળા ચાલીને માં અંબાના ચરણોમાં શીશ ઝુકાવે છે. પગપાળા અંબાજી જઈ રહ્યા માઈ ભક્તો માટે અંબાજીના માર્ગો ઉપર ઠેર -ઠેર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ઉભા થાય છે. જ્યાં ભક્તો માટે ચા - નાસ્તા ,ભોજન સહીત આરામ જેવી અનેક સગવડો પુરી પાડવામાં આવે છે.

મેળામાં આવતા વાહનોને પાર્કિંગ વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં મળી રહે તેવી વ્યવસ્થા પણ આ તબક્કે ઉપસ્થિત કરવામાં આવશે. આ બેઠકમાં અધિક કલેક્ટર, કૌશિક મોદી વિભાગીય પોલીસ અધિક્ષક જીજ્ઞેશ ગામીત સહિતના અન્ય વિભાગના અધિકારીઓ પણ આજની આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના પાલડીમાં GLS કોલેજના પ્રોફેસરે માતાની હત્યા કર્યા બાદ કરી આત્મહત્યા

**પોલીસને આ મામલે હજુ સુધી કોઈ સ્યુસાઈડ નોટ કે હત્યા માટેનું કારણ મળ્યું નથી**

અમદાવાદ : અમદાવાદમાં પુત્રએ માતાની હત્યા કર્યાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટના પાલડી વિસ્તારની છે. પાલડીમાં રહેતા એક શખ્સે પહેલા પોતાની માતાની હત્યા કરી અને બાદ આત્મહત્યા કરી. આ ઘટના સામે આવતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી મચી જવા પામી.


પ્રાપ્ત રિપોર્ટ મુજબ અમદાવાદના પાલડીના મહાલક્ષ્મી ફ્લેટમાં રહેતા GLS કોલેજના ૪૨ વર્ષના પ્રોફેસર મૈત્રેય ભગતે મોડી રાતે પોતાની ૭૫ વર્ષની માતા દત્તા ભગતની હત્યા કરી નાંખી છે. જે બાદ પુત્રએ પણ પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. આપઘાત કરનાર મૈત્રેય ભગત GLS કોલેજમાં ઈકોનોમિક્સ વિભાગનાં પ્રોફેસર હતા. આ ઘરમાં માતા અને પુત્ર એકલા જ રહેતા હતા. સવારે ઘરની બહાર દૂધ અને છાપા એમના એમ પડ્યા હોવાને કારણે પાડોશીઓને કાંઇ અઘટિત બન્યાની શંકા ગઇ હતી. જેથી પાડોશીઓએ ઘરનો દરવાજો ખોલીને જોતા પુત્ર મૈત્રાય ગળેફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. જે બાદ પાડોશીએ આ અંગે પોલીસને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતા પોલીસ FSLની ટીમ સાથે બનાવ સ્થળ પર પંહોચી ગઈ છે. આ શખ્સે કેમ માતાની હત્યા કરી અને કેમ બાદમાં પોતે આત્મહત્યા કરી તે કારણ જાણી શકાયું નથી. પોલીસને આ મામલે હજુ સુધી કોઈ સ્યુસાઈડ નોટ કે હત્યા માટેનું કારણ મળ્યું નથી. હત્યા અને આપઘાતનું કારણ અકબંધ છે. પોલીસ આ મામલાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પાલડી વિસ્તારમાં બનેલી આ ચકચારી ઘટનામાં દત્તાબેન ભગત મોડી રાત્રે ઘરમાં સૂઈ રહ્યા હતા ત્યારે પુત્ર મૈત્રેય ભગતે છરીના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધી હતી. બાદમાંમૈત્રેય ભગતે ઘરમાં જ ગળેફાંસો ખાઈ મોત વ્હાલુ કર્યું હતું. આપઘાત કરનાર મૈત્રેય ભગત GLS કોલેજમાં પ્રોફેસર હતા.જયારે મૈત્રાના પિતા MBBS ડોક્ટર હતા અને ૬ વર્ષ પહેલાં જ તેમનું અવસાન થયું હતું.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.